# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: *suratdeo@gmail.com*

જા.નં./એસએસ/QEM/ બેન્ડ કોમ્પિટિશન /૨૦૨૫/11356 તા.૨૨/૦૯/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/KGBV/CBSE/ માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શાળાઓ તમામ.

સુરત, જિલ્લો-સુરત, સુરત કોર્પોરેશન

વિષય:- રેન્જ/ઝોન કક્ષાની બેન્ડ સ્પર્ધા-૨૦૨૫-૨૬ ના આયોજન બાબત.

સંદર્ભ:- સચિવશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસએસ/QEM/બેન્ડ કોમ્પિટિશન/૨૦૨૫/૫૪૧૩૯-૨૧૭ તા-૨૦/૦૯/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે દર વર્ષે ૩૧, ઓક્ટોબરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા ખાતે "રાષ્ટ્રીય એકતા દિવસ"ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે આ આયોજનના સંદર્ભે ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આપેલ સુચના મુજબ ૪ (ચાર) સ્કૂલ બેન્ડની પસંદગી કરવા સૂચના મળેલ છે.

ઉક્ત સુચના અન્વયે માન.અધિક પોલીસ મહાનિર્દેશક (હથિયારી એકમો) ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા તેમના તમામ રેન્જ વડાશ્રીઓને તેમની કક્ષાએથી જે તે જિલ્લા શિક્ષણાધિકારીના સંકલનમાં રહીને રેન્જકક્ષાની સ્કૂલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે, જેમાં બેન્ડ સ્પર્ધા માટે બ્રાસ બેન્ડ( કુમાર-૦૧, કન્યા-૦૧) તથા પાઇપ બેન્ડ ( કુમાર-૦૧, કન્યા-૦૧ ) એમ કુલ-૦૪ (ચાર) વિજેતા સ્કૂલ બેન્ડને પસંદ કરવાની કાર્યવાહી પૂર્ણ કરવા જણાવેલ છે.

જેથી સુરત જિલ્લાની ધોરણ-૯ થી ૧૨ની તમામ શાળાઓએ તેમજ રેન્જ /ઝોન કક્ષામાં સમાવિષ્ટ જિલ્લાઓએ રેન્જ /ઝોન કક્ષાની બેન્ડ કોમ્પિટિશન માં ભાગ લેવા માટે આ સાથે સામેલ એનેક્ષરમાં દર્શાવેલ માર્ગદર્શક સુચનાઓ અને સંદર્ભપત્રનું સંપૂર્ણ વાંચન કરી સાથે સામેલ એનેક્ષર-૧ અને એનેક્ષર-૨ ભરી તા.૨૪/૦૯/૨૦૨૫ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે, તથા નીચે આપેલ તારીખ, સમય અને સ્થળ ઉપર હાજર રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ : મુખ્ય મથક પરેડ ગ્રાઉન્ડ, અઠવાલાઇન્સ, પોલીસ હેડક્વાર્ટર, સુરત

તારીખ :- ૨૬/૦૯/૨૦૨૫ ને શુક્રવાર, સવારે ૯:૦૦ કલાકે

બિડાણ:- સંદર્ભપત્ર અને એનેક્ષર-૧ અને ૨.

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત, જિ. સુરત.

<u>સવિનય નકલ-રવાના જાણ સારૂં:-</u>

- પ્રતિ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીનીકચેરી, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- પ્રતિ પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી સુરત, જિલ્લો સુરત
- પ્રતિ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી, વલસાડ,નવસારી,ડાંગ,તાપી.જિલ્લો,

<u>નકલ રવાના:-</u>

- પ્રતિ શ્રી એકાઉન્ટ ઓફિસરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, સુરત જિલ્લો, સુરત કોર્પોરેશન.

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેકટર-૧૭, ગાંધીનગર
વેબસાઈટ : www.ssagujarat.org
ઈ-મેઈલ : qem-gcsess@gujarat.gov.in

પત્રકમાંક : એસએસ/QEM/બેન્ડ કોમ્પી./૨૦૨૫/ ૫૪૧૩૮ - ૨૪૭ તા. ૨૦/૦૯/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ

વિષય : સ્કુલ બેન્ડ સ્પર્ધા – ૨૦૨૫-૨૬ના આયોજન અંગે.
સંદર્ભ : (૧)માન.ડેપ્યુટી સેક્રેટરી,મિનીસ્ટ્રી ઓફ એજયુકેશન,ન્યુ દિલ્લીનો તા.૨૮/૦૮/૨૦૨૫નો પત્ર
(૨) માન.અધિક પોલીસ મહાનિર્દેશક(હથિયારી એકમો), ગુજરાત રાજય ગાંધીનગરનો તા.૧૦/૦૯/૨૫નો પત્ર
(૨)નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી અન્વયે

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે દર વર્ષે ૩૧, ઓકટોબરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે યોજનાર "રાષ્ટ્રીય એકતા દિવસ" ની ઉજવણીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ આયોજનના સંદર્ભે ગૃહ મંત્રાલય, ભારત સરકાર ધ્વારા આપેલ સૂચના મુજબ ગત વર્ષ મુજબ ૦૪ સ્કુલ બેન્ડની પસંદગી કરવા અંગે સૂચના મળેલ છે.

ઉકત સૂચના અન્વયે માન. અધિક પોલીસ મહાનિર્દેશક (હથિયારી એકમો), ગુજરાત રાજય ગાંધીનગરના ધ્વારા તેમના તમામ રેન્જ વડાશ્રીઓને તેમની કક્ષાએથી જે તે જિલ્લા શિક્ષણાધિકારીના સંકલનમાં રહીને, રેન્જકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરીને, રાજયકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધા માટે Brass Band (કુમાર-૦૧, કન્યા-૦૧) તથા Pipe Band (કુમાર-૦૧, કન્યા-૦૧) એમ કુલ-૦૪ વિજેતા સ્કુલ બેન્ડને પસંદ કરવાની કાર્યવાહી તા.૨૦/૦૯/૨૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે તથા રેન્જ સ્તરે પસંદગી પામેલ શાળા બેન્ડની ટીમોની રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન અમદાવાદ ખાતે રાખવામાં આવનાર છે.

ઉકત બાબતોને અવલોકને લેતાં, હાલના તબકકે સ્કુલ બેન્ડ કોમ્પીટીશન માટે ગતવર્ષની ગાઈડ લાઈન મુજબ નીચે મુજબ આયોજન અત્રેની ઝોન/રેન્જ કક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધા માટે સંભવિત તા.૩૦/૦૯/૨૦૨૫ રોજ યોજવા રેન્જ/ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જણાવવામાં આવે છે.

રેન્જ/ઝોન કક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધા માટે માન. અધિક પોલીસ મહાનિર્દેશક (હથિયારી એકમો), ગુજરાત રાજય ગાંધીનગરના ધ્વારા તેમના તમામ રેન્જ વડાશ્રીઓને તેમની કક્ષાએથી જે તે જિલ્લા શિક્ષણાધિકારીના સંકલનમાં રહીને, રેન્જકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરીને, રાજયકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધા માટે Brass Band (કુમાર-૦૧, કન્યા-૦૧) તથા Pipe Band (કુમાર-૦૧, કન્યા-૦૧) એમ કુલ-૦૪ વિજેતા સ્કુલ બેન્ડને પસંદ કરવાની કાર્યવાહી તા.૨૦/૦૯/૨૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે.પરંતુ હાલમાં કલા ઉત્સવ તથા સમૃધ્ધિ કાર્યક્રમની કામગીરી હોય તેને ધ્યાને લેતાં, રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને ગત વર્ષની ગાઈડ લાઈન(આ સાથે સામેલ)મુજબ ઝોન/રેન્જ કક્ષાની સ્કુલ બેન્ડ કોમ્પીટીશન જે તે રેન્જ અધિકારીના સંકલન અને સૂચના મુજબ સંભવિત તા.૩૦/૦૯/૨૦૨૫ના રોજ પૂર્ણ કરીને. ઝોન/રેન્જ કક્ષાની સ્કુલ બેન્ડ કોમ્પીટીશનમાં વિજેતા થનાર Brass Band (કુમાર-૦૧, કન્યા-૦૧)માં કુલ-૦૨ ટીમ તથા Pipe Band (કુમાર-૦૧, કન્યા-૦૧)માં-૦૨ ટીમ એમ કુલ-૦૪ વિજેતાની ટીમની વિગતો અત્રેની કચેરી તથા જે તે ઝોનના રેન્જના વડા મારફતે માન. અધિક પોલીસ મહાનિર્દેશક (હથિયારી એકમો), ગુજરાત રાજય ગાંધીનગરને તા.૦૩/૧૦/૨૦૨૫ સુધીમાં નકકી કરેલ ફોર્મેટમાં મોકલી આપવા જણાવવા આવે છે.

રેન્જ/ઝોન કક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધા તથા રાજયકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધા ગત વર્ષની ગાઈડ લાઈન મુજબ નીચે મુજબ કરવાનું રહેશે.

**(A) રેન્જ/ઝોન કક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન :**

(૧) રેન્જ/ઝોન લેવલની સ્કુલ બેન્ડ સ્પર્ધા નીચે મુજબ ૦૯ રેન્જ/ઝોન કરવાનું રહેશે.

| ક્રમ | રેન્જ/ઝોન | રેન્જ/ઝોનના સમાવિષ્ટ જિલ્લા | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, ખેડા, આણંદ | ૦૪ |
| ૨ | ગાંધીનગર | ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી | ૦૪ |
| ૩ | વડોદરા | વડોદરા ગ્રામ્ય, વડોદરા શહેર, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર | ૦૫ |
| ૪ | સુરત | સુરત ગ્રામ્ય, સુરત શહેર, વલસાડ, નવસારી, ડાંગ, તાપી | ૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૫ | જુનાગઢ | જુનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ | ૦૩ |
| ૬ | રાજકોટ | રાજકોટ ગ્રામ્ય, રાજકોટ શહેર, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, દેવ. દ્વારકા | ૦૬ |
| ૭ | કચ્છ–ભૂજ | કચ્છ, પાટણ, બનાસકાંઠા | ૦૩ |
| ૮ | ભાવનગર | ભાવનગર, અમરેલી, બોટાદ | ૦૩ |
| ૯ | પંચમહાલ | પંચમહાલ, દાહોદ, મહીસાગર | ૦૩ |

(૨) રેન્જ/ઝોન કક્ષાની સ્પર્ધા માટે રેન્જ/ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાના ડીઈઓશ્રીની કચેરી દ્વારા તેમના જિલ્લાને મળેલ શાળાની એન્ટ્રીમાંથી માન્ય એન્ટ્રી/શાળાની યાદી રેન્જ/ઝોનના ડીઈઓશ્રીને તા.૨૫/૦૯/૨૦૨૫ સુધીમાં મોકલવાની રહેશે.

**ખાસ નોંધ :** (૧) નક્કી કરેલ રેન્જ/ઝોન દ્વારા ઝોનકક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવાનું હોય છે. રેન્જ/ઝોનના પોલીસ વડા સાથે સંકલનમાં રહીને ઝોનકક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

(૨) એકવાર નેશનલ લેવલની બેન્ડ સ્પર્ધામાં એવોર્ડ આપવામાં આવે, ફક્ત ૩ વર્ષ પછી, સિવાય કે તે કોઈ અલગ જૂથ માટે હોય એટલે કે, જો છોકરાઓના બેન્ડને તે મળે, તો છોકરીઓનુ બેન્ડ સ્પર્ધામાં પ્રવેશ કરી શકે છે.

– રાષ્ટ્રીય સ્કુલ બેન્ડ સ્પર્ધાના પ્રથમ સ્તરનું આયોજન તમામ રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા તેમના સંબંધિત રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશની શાળાઓ વચ્ચે કરશે.જેમાં રાજય શાળાઓ સહિત CBSE, ICSE, KVS, NVS, PM-SHRI, Sainik school વગેરેની શાળાઓ સામેલ છે.

– ઉકત બાબતને ધ્યાનમાં લઈ, આ સ્પર્ધામાં ભાગ લેવા માટે રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓને ન્યુ દિલ્લી દ્વારા મળેલ ગાઈડ લાઈન મોકલીને શાળાઓ તથા કેજીબીવી અને મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ તથા જિલ્લાની CBSE, ICSE, KVS, NVS, PM-SHRI, Sainik school વગેરે શાળાઓને જાણ કરવી. જેમાં કે.જી.બી.વી.ને પણ જાણ કરવી. કેજીબીવી સહિત તમામ શાળાઓમાં ધો.૯ થી ધો.૧૨ની શાળાઓના બાળકો આવે તે મુજબની તકેદારી રાખવી.

(૩) ઉકત–(૧)મુજબના રેન્જ/ઝોન કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવા જે તે રેન્જ/ઝોનના જિલ્લાના ડીઈઓને સંબંધિત રેન્જ/ઝોનના વડા/પોલીસ કમિશ્નરશ્રીના માર્ગદર્શન અને સંકલનમાં જણાવવામાં આવે છે તથા આ સ્પર્ધાના સમગ્ર આયોજન માટે જે તે રેન્જ/ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને નોડલ ઓફિસર તરીકે નિયુકત કરવામાં આવે છે.

(૪) ગત વર્ષની નેશનલ સ્કુલ બેન્ડ કોમ્પીટીશન–૨૦૨૪–૨૫ ની અને મળેલ ગાઈનલાઈન મુજબ ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા આવનાર કુમાર અને કન્યાની ટીમમાં ટીમ દીઠ ૨૫–૩૩ સભ્યો રાખવા. જેમાં બેન્ડની સાથે ૦૨ એસ્કોર્ટ રાખી શકાશે. જેમાં બેન્ડ માસ્ટર/ટ્રેનર સામેલ હશે તેને ધ્યાને લેતાં, ઝોન કક્ષાની સ્પર્ધા માટે નીચે મુજબની વિગતો ખર્ચ કરવાનો થાય.

**(૧) સ્ટેજ સુશોભન, બેનર, માઈક, બેન્ડ, જરૂરી સાધન–સામગ્રી, સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમને પ્રમાણપત્ર તથા બન્ને કેટેગરીમાં પ્રથમ ક્રમે આવનાર ટીમને પ્રમાણપત્ર અને શીલ્ડ.**

**(૨) સ્પર્ધાના દિવસે સવારે નાસ્તો, બપોરનું ભોજન**

**(૩) સફાઈ, પાણી, વ્યવસ્થા, ફોટોગ્રાફી/વિડીયોગ્રાફી**

**(૪) નિર્ણાયક/જયુરીનું રોકડ પુરસ્કાર/માનદવેતન**

**(૫) સ્પર્ધામાં સરકારી શાળાના ભાગ લેનાર ટીમના સભ્યને આવવા–જવાનું નિયમાનુસારનું ભાડુ (જે જિલ્લાની ટીમ હોય, તે જિલ્લા દ્વારા)**

**(૬) સ્પર્ધા માટે અન્ય આનુસાંગિક ખર્ચ**

(૫) સમગ્ર શિક્ષાના બજેટમાં રાજયકક્ષાની સ્પર્ધા માટે બજેટ મંજુર થયેલ છે રેન્જ/ઝોનકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધા માટે બજેટ મંજૂર નથી. જેથી ગત વર્ષ મૂજબ રેન્જ/ઝોન કક્ષાની બેન્ડ સ્પર્ધાના આયોજન સંદર્ભે થનાર ખર્ચ જિલ્લા મેનેજમેન્ટ (MMER) બજેટ હેડ : ૭.૧.૧(૧)માં કરવાનો રહેશે.

(૧) રેન્જ/ઝોન કક્ષાના ઉકત– (૪) ના (૧) થી (૬) ના ખર્ચ (ક્રમ–(૫) સિવાયના ખર્ચ)માટે ઝોન કક્ષાની સ્પર્ધા આયોજિત જિલ્લાને ભાગ લેનાર આવનાર ૫ ટીમ સુધી ૩૦ હજાર, ૬ થી ૧૦ ટીમ સુધી ૬૦ હજાર ૧૧ થી ૧૫ ટીમ સુધી ૮૦ હજાર અને ૧૬ થી ૨૦ ટીમ સુધી ૧ લાખની ગ્રાન્ટ ચાલુ વર્ષ ૨૦૨૫–૨૬ના બજેટમાંથી રેન્જ/ઝોન કક્ષાના આયોજિત જિલ્લાના જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ(MMER)બજેટ હેડ : ૭.૧.૧(૧)સદરે ઉધારવાનો રહેશે તથા તે ગ્રાન્ટ ડીઈઓ કચેરીને ડીપીસી કક્ષાએથી ફાળવવાની રહેશે અને સ્પર્ધા પૂર્ણ થયેથી તેની બચત સહિતના હિસાબો જે તે કચેરીએ જમા કરવાના રહેશે તે અંગેના હિસાબો નિભામણી અને ઓડીટ માટે તે રેકર્ડ તેમની કક્ષાએ જમા રાખવાના રહેશે.

(૨) ઉકત ક્રમ–(૪)ના ક્રમ–(૧) થી ક્રમ–(૬)ના ખર્ચ (ક્રમ–(૫) સિવાય) માટે ક્રમ–(૧), ક્રમ–(૨), ક્રમ–(૩), ક્રમ–(૪) અને ક્રમ–(૬) પૈકી જે બાબતનો ખર્ચ પોલીસ વિભાગ કરે તે સિવાયનો ખર્ચ જે તે જિલ્લાએ કરવો. આ માટે જે તે ડીઈઓએ રેન્જના વડાના માર્ગદર્શન અને પરામર્શનમાં રહીને, સંકલનથી કામગીરી કરવાની રહેશે.

(૩) ઉકત ક્રમ–(૪)ના ક્રમ–(૫)માટે જે જિલ્લાની ટીમ હોય તે જિલ્લાના સમગ્ર શિક્ષાના બજેટ હેડ અંતર્ગત જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ(MMER)બજેટ હેડ : ૭.૧.૧(૧)સદરે ઉધારવા તથા આ ખર્ચ સ્પર્ધામાં ઉપસ્થિત જે તે ટીમના શાળાના અધિકૃત એકાઉન્ટમાં ઈ–ટ્રાન્સફર કરવા ડીઈઓ કચેરી ધ્વારા કરવાનો રહેશે. આ માટેની ગ્રાન્ટ ફાળવણી વર્તમાન પધ્ધતિ મુજબ ડીપીસી કક્ષાએથી ડીઈઓ કચેરીને ફાળવવાની રહેશે.

(૪) રેન્જ/ઝોન કક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધામાં રેન્જ/ઝોનદીઠ પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ)આમ કુલ ૯ રેન્જ/ઝોનમાંથી ૪ ટીમ મુજબ મહત્તમ ૩૬ ટીમો માટે રાજયકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું સંભવિત આયોજન અમદાવાદ ખાતે પોલીસ વિભાગ, ગુજરાત રાજયના સંકલન અને પરામર્શનમાં કરવાનું નકકી કરેલ છે. જેથી રાજય કક્ષાની સ્પર્ધા માટે તારીખ અને સ્થળ પોલીસ વિભાગ, ગુજરાત રાજય તરફથી મળેથી તે મૂજબ રાજયકક્ષાની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. જો પોલીસ વિભાગ, ગુજરાત રાજય તરફથી કોઈ સૂચના કે પત્ર ન મળે તો, અત્રેની કચેરી ધ્વારા સ્વતંત્ર રીતે સ્ટેટ લેવલની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરશે.જે અંગેની જાણ હવેપછી કરવામાં આવશે.

રેન્જ/ઝોન કક્ષાની ઈન્ટર સ્કુલ બેન્ડ કોમ્પીટીશન માટે આ સાથે સામેલ એનેક્ષરમાં દર્શાવેલ માર્ગદર્શક સુચનાઓ મોકલી આપવામાં આવે છે. જે જિલ્લાઓ મારફતે શાળાઓને મોકલીને શાળાઓ પાસેથી નિયત પત્રકમાં એન્ટ્રી જિલ્લાના નિયત ઈમેઈલ પર મંગાવીને તે આધારે સ્કુલ બેન્ડ કોમ્પીટીશનનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

રેન્જ/ઝોન કક્ષાની ઈન્ટર સ્કુલ બેન્ડ કોમ્પીટીશનનું સમગ્ર આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું રહેશે તથા તે માટે નોડલ ઓફિસરની નિમણુંક કરી તેમનું નામ મોબાઈલ નંબર સાથે ઝોનમાં સમાવિષ્ટ જિલ્લા તથા અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે. બેન્ડ કોમ્પીટીશનની સમગ્ર કામગીરી જિલ્લા કો.ઓર્ડિનેટર(સેકન્ડરી)એ કરવાની રહેશે. તે માટે જિલ્લા મદદનીશ કો.ઓ. કયુઈએમનો સહયોગ, સંકલન મેળવી શકશે. જે જિલ્લામાં જિલ્લા કો.ઓર્ડિનેટર (સેકન્ડરી)ની જગ્યા ખાલી હોય ત્યાં જિલ્લા મદદનીશ કો.ઓ. કયુઈએમ એ કામગીરી કરવાની રહેશે.

વધુમાં અત્રે ખાસ જણાવવાનું કે સ્પર્ધાનો સમયગાળો નજીકના સમયમાં હોઈ સ્પર્ધાનું સંભવિત સ્થળ રેન્જના વડાના માર્ગદર્શન અને સંપર્કમાં રહી સ્પર્ધા યોજવા જણાવવામાં આવે છે.

(શિલ્પા પટેલ)
સચિવ
સમગ્ર શિક્ષા, એસપીઓ
ગાંધીનગર

બિડાણ :(૧) માર્ગદર્શિકા (૨) એનેક્ષર –૧ અને ૨

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

- માન.અગ્ર સચિવશ્રી, (પ્રા. અને મા.શિ. શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ૧ લો માળ, પોલીસ ભવન, સેકટર–૧૮, ગાંધીનગર
- માન. એસપીડીશ્રી, સદર કચેરી
- માન. એએસપીડીશ્રી, સદર કચેરી
- માન.નાણાં નિયંત્રકશ્રી, સદર કચેરી

**નકલ સવિનય રવાના જાણ તથા સંબંધિતોને સુચના આપવા સારૂ :**

- અધિક પોલીસ મહાનિર્દેશક(હથિયારી એકમો)ગુજરાત રાજય, ૬ઠ્ઠો માળ, પોલીસ ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા આનુસાંગિક કાર્યવાહી સારુ :**

(૧) જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ.
(૨) એડી.જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, કોર્પોરેશન. : અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

## એનેક્ષર–૧

## ઝોનકક્ષા અને રાજયકક્ષાની બેન્ડ સ્પર્ધાના આયોજન માટેની માર્ગદર્શક સૂચનાઓ/માર્ગદર્શિકા

### રેન્જ/ઝોનકક્ષા અને રાજયકક્ષાની બેન્ડ સ્પર્ધાનું સંભવિત આયોજન :

**(૧) રેન્જ/ઝોનકક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન :**

સંભવિત તારીખ : ૩૦/૦૯/૨૦૨૫, મંગળવાર

(અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, જુનાગઢ, રાજકોટ, કચ્છ–ભૂજ, ભાવનગર, પંચમહાલ રેન્જ/ઝોનના જિલ્લા કક્ષાએ)

**રાજય કક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન :**

**સંભવિત તારીખ :** પોલીસ વિભાગ ધ્વારા નકકી થાય તે તારીખ અને સ્થળે યોજવામાં આવશે.

**(૨) સ્પર્ધાની વિગત :**

- છોકરા અને છોકરીઓ માટે અલગ સ્પર્ધા યોજાશે.
- રેન્જ/ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ટીમો પૈકી રેન્જ/ઝોનદીઠ પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ) આમ કુલ ૯ રેન્જ/ઝોનમાંથી ૪ ટીમ મુજબ પ્રત્યેક ઝોનમાંથી મહત્તમ ૪ ટીમ મુજબ કુલ–૦૯ ઝોનમાંથી મહત્તમ ૩૬ ટીમો રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
- રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન પોલીસ વિભાગ, ગુજરાત રાજયના સંકલનમાં રાજય કક્ષાએથી થશે. જો પોલીસ વિભાગ, ગુજરાત રાજય તરફથી કોઈ સૂચના કે પત્ર ન મળે તો, અત્રેની કચેરી ધ્વારા સ્વતંત્ર રીતે સ્ટેટ લેવલની સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.
- પોલીસ વિભાગ ધ્વારા સૂચના/પત્ર મળે તો તે મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે ૩૧ ઓકટોબરના રોજ યોજાનાર "રાષ્ટ્રીય એકતા દિવસ" કાર્યક્રમમાં, રાજય કક્ષાની બેન્ડ સ્પર્ધાના પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ)નું પરર્ફોમન્સ કરાવવાનું સંભવિત આયોજન છે,તેમછતાં પોલીસ વિભાગ ધ્વારા અન્ય કોઈ સૂચના મળે તો તે મુજબ 'એકતા પરેડ' માટે ટીમોને મોકલવામાં આવશે.

**(૩) રજીસ્ટ્રેશન :**

(૧) આ સ્પર્ધામાં ભાગ લેવા માટે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓને મોકલીને શાળાઓ તથા કેજીબીવી અને મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ તથા જિલ્લાની CBSE, ICSE, KVS, NVS, PM-SHRI, Sainik school વગેરે શાળાઓને જાણ કરવી. કેજીબીવી સહિત તમામ શાળાઓમાં ધો.૯ થી ધો.૧૨ની શાળાઓના બાળકો આવે તે મુજબની તકેદારી રાખવી.

(૨) અત્રેથી મોકલેલ માર્ગદર્શિકાની સુચનાઓનો અભ્યાસ કરીને રેન્જ/ઝોન કક્ષાની સ્પર્ધામાં રજીસ્ટ્રેશન (નોંધણી)માટે જે તે શાળાના આચાર્યોએ પોતાના જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી(ડીઈઓ)કચેરીના ઈમેઈલ પર એનેક્ષર–(૧)મુજબના ફોર્મ ભરીને તા.૨૫/૦૯/૨૦૨૫, ગુરૂવાર સુધીમાં મંગાવવી.આ માટે કોઈ શાળા ૦૧ કરતાં વધુ એન્ટ્રી મોકલે તો તે સ્વીકારવી અને ઝોન/રેન્જ કક્ષાના જિલ્લાને મોકલવી.પરંતુ કેટેગરી અલગ અલગ તથા કન્યા અને કુમાર વાઈઝ અલગ અલગ હોવી જોઈએ.

(૩) ઉકત એન્ટ્રીના એનેક્ષર–(૧)ની સાથે એનેક્ષર–(૨)પણ મોકલવું જેમાં બેન્ડ કોમ્પીટીશનમાં ભાગ લેનાર સહભાગીઓ અને એસ્કોર્ટની વિગતોની યાદી મંગાવવી.જેમાં સહભાગીઓ તથા એસ્કોર્ટના નામ પુરેપુરા લખવા નામ સંક્ષિપ્તમાં લખવા નહી.

(૪) સમયમર્યાદામાં મળેલ એન્ટ્રી/શાળાની ચકાસણી ગાઈડલાઈનની વિગતો આધારે કરીને, માન્ય એન્ટ્રીઓ ઝોનકક્ષાના જિલ્લાને તા.૨૬/૦૯/૨૦૨૫, શુક્રવાર સુધી ઈ મેઈલથી મોકલાવવી.

(૫) સ્પર્ધામાં ભાગ લેવા માટે માન્ય થયેલ એન્ટ્રીની શાળાને તા.૨૭/૦૯/૨૦૨૫, શનિવાર સુધીમાં જાણ કરીને રેન્જ/ઝોન કક્ષાની બેન્ડ કોમ્પીટીશનમાં તેમની શાળાની ટીમને તારીખ : ૩૦/૦૯/૨૦૨૫, મંગળવારના રોજ ઉપસ્થિત રાખવા જાણ કરવી.

(૬) જે તે રેન્જ/ઝોનના સમાવિષ્ટ જિલ્લામાંથી કુલ ૨૦ કરતાં વધુ ટીમ નકકી થાય તો તેવા સંજોગોમાં કન્યા અને કુમાર ટીમ અથવા બ્રાસ બેન્ડ અને પાઈપ બેન્ડ ટીમ મુજબ ચકાસણીને આધારે ૨ દિવસ અથવા આયોજકર્તા નકકી કરે તે મુજબ સ્પર્ધા કરી શકાશે.

(૪) વિજેતાઓની એન્ટ્રી :

**રાજય કક્ષાની સ્પર્ધા :**

રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધાના વિજેતાઓની યાદી પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ) રાજયકક્ષાએ તા.૦૩/૧૦/૨૦૨૫ સુધીમાં મોકલવી.

રાજયકક્ષાની બેન્ડ સ્પર્ધા સંભવિત તા.૧૨/૧૦/૨૦૨૫ ના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવનાર છે. જો તમામ રેન્જ/ઝોનની કુલ ૨૦ કરતાં વધુ ટીમ નકકી થાય તો તેવા સંજોગોમાં કન્યા અને કુમાર ટીમ અથવા બ્રાસ બેન્ડ અને પાઈપ બેન્ડ ટીમ મુજબ ચકાસણીને આધારે ૨ દિવસ માટે અથવા આયોજકકર્તાની સૂચના મળે તે મુજબ સ્પર્ધા કરવાનું આયોજન છે.

ગત વર્ષની નેશનલ સ્કુલ બેન્ડ સ્પર્ધા–૨૦૨૪–૨૫ની ગાઈડ લાઈન(માર્ગદર્શિકા)અનુસાર ઉપર મુજબ રેન્જ/ઝોન અને રાજયકક્ષાની સ્કુલ બેન્ડ કોમ્પીટીશન તથા ત્યારબાદની વેર્સ્ટન ઝોનલના રાજયોની ઝોનલ લેવલની બેન્ડ સ્પર્ધા અને નેશનલ લેવલની બેન્ડ સ્પર્ધા તમામ માટે અમલ કરવાનો હોઈ તે માટે અંગ્રેજી ગાઈડ લાઈન તથા તેનું ગુજરાતી રૂપાંતરિત કરેલ ગાઈડ લાઈન આ સાથે સામેલ છે.જે તમામ જિલ્લાઓને મોકલીને તદ અનુસાર તમામ સ્તરની સ્કુલ બેન્ડ સ્પર્ધા નિયત કરેલ સમયપત્રક મુજબ આયોજિત કરવાની રહેશે.

(૫) યોગ્યતા :

(૫.૧) **આ સ્પર્ધા તમામ કેટેગરીની શાળાઓ માટે ખુલ્લી રહેશે.** રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોના શિક્ષણ વિભાગો તેમના સબંધિત રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોની અંદર તમામ શાળાઓ વચ્ચે રાષ્ટ્રીય શાળા બેન્ડ સ્પર્ધાનું આયોજન કરશે. જેમાં સીબીએસઈ, આઈસીએસઈ, કેવીએસ, એનવીએસ, પીએમશ્રી અને સૈનિક શાળાઓ વગેરેની શાળાઓ સામેલ છે.

(૫.૨) કોઈપણ વ્યવસાયિક જૂથો/કલાકારોને બેન્ડ જૂથોમાં ભાગ લેવાની/તેમની સાથે જવાની મંજૂરી આપવામાં આવશે નહી.

(૬) બેન્ડ સભ્યો :

(૬.૧) દરેક બેન્ડમાં ડ્રમ મેનેજર સહિત ૨૫–૩૩ સહભાગીઓ હોવા જોઈએ.

(૬.૨) બેન્ડની સાથે વધુમાં વધુ ૦૨ એસ્કોટ પણ હોઈ શકે છે. જેમાં માસ્ટર/ટ્રેનર સામેલ છે.

(૭) બેન્ડ જૂથ :

(૭.૧) બેન્ડ ગૃપમાં પાઈપ બેન્ડ અને બ્રાસ બેન્ડ હોવા જોઈએ.

(૭.૨) સૂચક મજબૂતાઈ નીચે મુજબ છે.

1. પાઈપ – ૧૨
2. સાઈડ ડ્રમ – ૮
3. ટેનોર ડ્રમ – ૨
4. બાસ ડ્રમ્સ – ૧
5. કંડકટર(લીડર સ્ટીક) –૧

તેવી જ રીતે બ્રાસ બેન્ડ માટે પણ આ જ સંખ્યાને અનુસરી શકાય છે.

(૮) થીમ : બેન્ડની થીમ દેશભકિતની હોવી જોઈએ.

(૯) ટયુન : દેશભકિતના ગીતો, શાસ્ત્રીય ધૂન, લોક ધૂન વગેરે પર આધારિત કોઈપણ ધૂન
બેન્ડ પ્રદર્શન માટે રાષ્ટ્રીય ગીત – ધ્વનિની મંજુરી નથી.

(૧૦) બેનરો અને અન્ય કોઈ દસ્તાવેજો :

બેન્ડ જૂથોએ સ્પર્ધા દરમ્યાન કોઈપણ બેનરો છરી, ખુખરી અથવા ધ્વજ/ફલેગનો ઉપયોગ કરવો નહી.

(૧૧) બેન્ડ કોસ્ચ્યુમ : પરફોર્મન્સ માટે બેન્ડ કોસ્ચ્યુમ પહેરવો ફરજીયાત છે.

(૧૨) સમય મર્યાદા : દરેક ટીમ માટે **પ્રદર્શન માટે મહત્તમ સમયમર્યાદા ૧૦–૧૫ મિનિટની રહેશે.**

(૧૩) નિર્ણાયક/જયુરી :

ઝોન કક્ષા :

– રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધામાં ઝોનકક્ષાની સ્પર્ધા આયોજિત જિલ્લાએ સ્વતંત્ર નિર્ણાયક/જયુરી જેમાં રાજય સશસ્ત્ર દળો, સીએપીએફ, જિલ્લા સશસ્ત્ર પોલીસ અધિકારીઓને સામેલ કરવા. આ માટે રેન્જના વડાના સંકલન અને માર્ગદર્શન લેવું.

– રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધામાં નિર્ણાયક ટીમ/જયુરીનો નિર્ણય ખાસ કરીને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહથી મુકત હોવો જોઈએ. અને ખાસ કરીને હોસ્ટીંગ જિલ્લા તરફેણમાં નિર્ણય વિશે વાંધા ઉભો કરવા ભાગ લીધેલ જિલ્લાને કોઈ તક આપવી જોઈએ નહી જે માટેની ખાતરી કરવી.

રાજય સ્તરે :

– રાજય સ્તરની સ્પર્ધા માટે રાજયએ એન્ટ્રીને ન્યાય માટે સશસ્ત્ર દળો, સીઆરપીએફ, રાજય સશસ્ત્ર પોલીસ વગેરે અધિકારીઓની સ્વતંત્ર નિર્ણાયક ટીમની વ્યવસ્થા કરવી. આ માટે પોલીસ વિભાગ, ગુજરાત રાજયના સંબંધિત વડાના સંકલન અને માર્ગદર્શન લેવું.

સ્પર્ધાના તમામ સ્તરે તટસ્થ અને મેરીટ આધારિત નિર્ણયને નિશ્ચિત કરવા માટે યોગ્યતાના ઉચ્ચ ધોરણો જાળવવામાં આવે.

**(૧૪) પ્રદર્શન દરમ્યાન જુદી જુદી વસ્તુઓ જોવી(નિર્ણાયક ટીમ/જરૂરી સભ્યો ધ્વારા) :**

પ્રદર્શન દરમ્યાન જુદી જુદી વસ્તુઓ નિર્ણાયક ટીમ/જુરીના સભ્યો ધ્વારા જોવામાં આવશે.

(૧) બેન્ડ માસ્ટર / મેજર અને કન્ટીજન્ટન્ટ (બેન્ડ જુથના સભ્યો)
(બોડી લેંગ્વેજ, કોસ્ચ્યુમ, યુનિફોર્મ, હેર સ્ટાઈલ, બેન્ડ ઈન્સ્ટ્રુમેન્ટનું સજાવટ/સુશોભન)
(૨) લય/રીધમ, સંગીત અને મુવમેન્ટ(હલનચલન)વગાડવા
(૩) સ્ટેમ્પીગ એન્ડ હેન્ડ સ્વીગ ધ્વારા માર્ચ
(૪) સ્ટેમ્પીગ એન્ડ હેન્ડ સ્વીગ ધ્વારા એન્ટ્રી
(૫) પ્રદર્શન ક્ષેત્રમાં સ્ટેમ્પીગની ચોકસાઈ
(૬) રચનાઓ (૭) પ્રસ્તુતિ (૮) સમયમર્યાદા

* પ્રદર્શનનું ક્ષેત્ર કદ ઓછામાં ઓછું 40X60 ફુટ હોવું જોઈએ.

**(૧૫) મૂલ્યાંકન અને માપદંડ :** રેન્જ/ઝોન તથા રાજય સ્તરની સ્પર્ધામાં નીચે મુજબના માપદંડો આધારે મુલ્યાંકન કરવામાં આવશે.

| ક્રમ નંબર | વિગત | માકર્સ/ ગુણ |
|---|---|---|
| ૧ | પહેરવેશ (ડ્રેસ)અને સાધનો(ઈન્સ્ટ્રુમેન્ટ) | ૧૫ ગુણ |
| ૨ | માર્ચ<br>(એ) ઝડપી માર્ચ–૧૫ ગુણ (બી) ધીમી માર્ચ– ૫ ગુણ<br>એ + બી = ૨૦ ગુણ | ૨૦ ગુણ |
| ૩ | રચનાઓ / બનાવટ | ૨૦ ગુણ |
| ૪ | રમતના ધોરણો (ધૂન ગુણવત્તા) | ૨૦ ગુણ |
| ૫ | રજુઆત/પ્રસ્તુતિ(પ્રેઝન્ટેશન) | ૧૫ ગુણ |
| ૬ | પ્રદર્શનની સમયસર સમાપ્તિ પૂર્ણતા | ૧૦ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

(૧૬) એવોર્ડ/પુરસ્કાર :

**રેન્જ/ઝોનકક્ષા :**

રેન્જ/ઝોનકક્ષા સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા ટીમો(છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાંથી)ને, પ્રમાણપત્ર અને ટ્રોફી/શીલ્ડ આપવુ તથા ભાગ લેનાર ટીમને પાર્ટી સીપેટીગ સર્ટીફીકેટ એટલે કે દરેક વિદ્યાર્થીને સર્ટીફીકેટ આપવું.

**રાજયકક્ષા :**

રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા ટીમો(છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાંથી)ને, પ્રમાણપત્ર અને ટ્રોફી/શીલ્ડ આપવુ તથા ભાગ લેનાર ટીમને પાર્ટી સીપેટીગ સર્ટીફીકેટ એટલે કે દરેક વિદ્યાર્થીને સર્ટીફીકેટ આપવું.

**નોંધ :** રોકડ પુરસ્કાર માટે શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગે પરસ્પર પરામર્શન અને સંકલનની નકકી કરવુ. જો રોકડ પુરસ્કાર આપવાનું નકકી થાય તો તે રોકડ પુરસ્કાર શાળા ટીમને આપવામાં આવશે વ્યકિતઓને નહી. શાળાએ સ્કુલ બેન્ડ વર્ક હેતુ માટે એટલે કે સ્કુલ બેન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ, બેન્ડ એસેસરીઝ, બેન્ડ ઈન્સ્ટ્રુમેન્ટનું સમારકામ અથવા બેન્ડ સાથે સબંધિત કોઈપણ વસ્તુ માટે પુરસ્કારનો ઉપયોગ કરવો પડશે.

**(F) રેન્જ/ઝોનકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધાના આયોજન અંગેનું સમય પત્રક :**

ઝોનકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધાના આયોજન અને સંકલન માટેનું સમય પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | પ્રવૃત્તિ | તારીખ |
|---|---|---|
| ૧ | રેન્જ/ઝોનકક્ષાની બેન્ડ કોમ્પીટીશન માટેની જિલ્લાકક્ષાએ એન્ટ્રી મંગાવવાની તારીખ | તા.૨૫/૦૯/૨૦૨૫ |
| ૨ | જિલ્લાકક્ષાએ આવેલ એન્ટ્રીની ચકાસણીને આધારે માન્ય એન્ટ્રી રેન્જ/ઝોનકક્ષાના જિલ્લાને મોકલવાની તારીખ | તા.૨૮/૦૯/૨૦૨૫ |
| ૩ | રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધા | ૩૦/૦૯/૨૦૨૫ |
| ૪ | રાજયકક્ષાની સ્પર્ધા માટે રેન્જ/ઝોનકક્ષાની સ્પર્ધાના વિજેતાઓની યાદી પ્રથમ ક્રમે વિજેતા ૪–ટીમ(બ્રાસ બેન્ડ કન્યા–૧ ટીમ, પાઈપ બેન્ડ કન્યા–૧ ટીમ, બ્રાસ બેન્ડ કુમાર–૧ ટીમ, પાઈપ બેન્ડ કુમાર–૧ ટીમ) રાજયકક્ષાએ મોકલવી | તા.૦૩/૧૦/૨૦૨૫ |
| ૫ | રાજયકક્ષાની સ્પર્ધા | સંભવિતતા.૧૨/૧૦/૨૦૨૫, રવિવાર અથવા નકકી થાય તે મુજબ |

Annexure – I

**Registration Form for National School Band Competition**

1. Name of School ..................................................................................................................

2. UDISE Code ..................................................................................................................

3. Address of School ..................................................................................................................
..................................................................................................................................

4. District ..................................................................................................................
State ..................................................................................................................

5. Telephone No ..................................................................................................................

6. Name of Principal andTelephone Number ..................................................................................................................
..................................................................................................................................

7. Name of Escort /Teacher ..................................................................................................................

8. Number of Participants (List attached) ..................................................................................................................

9. Category (Boys/Girls) ..................................................................................................................

(Signature of Principal)

Annexure-II

List of participants

Name of the School - 1) ---------------------------

UDISE Code:

Name of Escort / Teacher & Telephone No. 2) ----------------------------

List of participants: -

| Sl. No. | Name of the Participants | Male/Female |
|---|---|---|
| 1. | | |
| 2. | | |
| 3. | | |
| 4. | | |
| 5. | | |
| 6. | | |
| 7. | | |
| 8. | | |
| 9. | | |
| 10. | | |
| 11. | | |
| 12. | | |
| 13. | | |
| 14. | | |
| 15. | | |

(Signature of Principal)